ૐ

શ્રીનૂતન

અલક-કુસુમ.

નાટકનાં ગાયનો.

લેખક-નૂતન (*Kavi J. S.*)

છપાવી પ્રસિદ્ધ કરનાર,
Kavi Jayantilal. S.
પ્રથમાવૃત્તિ.
પ્રત. ૧૦૦૦

સંવત્ ૧૯૫૪

ૐ

શ્રી નૂતન

અલક-કુસુમ.

નાટકનાં ગાયનો.

લેખક-નૂતન (*Kavi J. S.*)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

Kavi Jayantilal. S.

પ્રથમાવૃત્તિ.

પ્રત. ૧૦૦૦

સંવત ૧૯૬૪ સને ૧૯૦૮.

કિંમત. ૦-૨

Life is a weary interlude,
It doth short joys, long woes include;
The world the stage, the prologue tears,
The acts rain hopes, and varied fears;
The scene shuts up with loss of breath,
And leaves no epilogue but death.

—King.—

-ગઝલ-

જાણો આ જીંદગાનીતો, ફંટાળો આપનારી છે,
થોડા સુખમાં ઘણાં દુઃખ, તેમજ આનંદને શોક;
આ સંસાર રંગ ભુમી, અશ્રુ નાટક રહ્યાં રૂમી,
વિધવિધ બીક આશાઓ, નકામીનાજ દેખાવો;
તૂટયોજવ શ્વાસ સંબંધ, કે દેખાવો બધા બંધ,
રહે નહિ કંઈ સ્મરણ લેખ મરણ વિના બીજો એક.

શ્રી અલક-કુસુમ નાટકની પ્રવેશવાર હકીકત.

અંક પહેલો.

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો—કીર્તિપુરના રાજા યશવંતસિંહની કચેરી. વિદ્યા સંબંધી ચર્ચા. કુમારી અલકને માટે ગુરૂ શુકદેવજીની નીમણુક. ગુરૂને કુમારી અન્ધ છે તથા કુમારીને ગુરૂને શરીરે કોઢ છે એમ કહી પરસ્પર મુખ ન જોવાને લેવરાવેલ પ્રતિજ્ઞા.

પ્રવેશ ૨ જો—પાઠશાળા-વિદ્યાર્થીઓની વિલાસિ સાથે ગમ્મત. ગુરૂજીનો ઠપકો ને અલકને ભણાવવા જવું.

પ્રવેશ ત્રીજો—અલક-કુમારી તથા કુસુમચંદ્રની ગુરૂ તરફથી પરિક્ષા. દ્વિઅર્થી પ્રશ્નનો બંન્ને તરફથી ખરો જવાબ. ગુરૂ તથા કુમારીનો ક્રોધને પરસ્પર પોતાની હકીકત જાણવું ગુરૂ તથા કુસુમનું જવું. સખીઓનું આવવું. અલકનો કુસુમ પ્રત્યે પ્રેમ.

પ્રવેશ ચોથો—વિલાસિનું ઘર. ધણી ધણીઆણીની લડવાડ.

પ્રવેશ પાંચમો—ગુરૂ કુસુમનું આવવું. અલકનો કુસુમ પ્રત્યે પ્રેમ[illegible] થવો. ગુરૂથકી બંનેનો હસ્તમેળા[illegible]

[illegible] છઠ્ઠો—વિલાસિના [illegible]

પ્રવેશ સાતમો—યશવંતસિંહ તથા સુવદનાની અલકના લગ્ન સંબંધી વાતચિત ને તત્સંબંધિ અલકનો અભિપ્રાય માગવો. અલકનું સુવદનાને કુસુમ સાથેના લગ્ન સંબંધી કહેવું. યશવંત તથા સુવદનાનો ક્રોધ.

પ્રવેશ આઠમો—ગુરૂ, કુસુમ, ને અલકની તપાસ ને દરેકને સજા.

પ્રવેશ નવમો—અલકને, સખીઓનો દિલાસો. કુસુમને બાગમાં સૂતેલ દેખવો. વિનોદ, વનવાસ માટે તૈયારી. સુવદનાનું આવવું. વનવાસ અલક-કુસુમનું જવું.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—અભયસિંહની કચેરી, અલક કુસુમનું આવીને ભાઇ તરીકે જાહેર થવું. ને નોકરીમાં રહેવુ.

પ્રવેશ બીજો—સુપ્રતિક તથા તેની સ્ત્રી પોતાના પુત્ર કુસુમચંદ્રના જવાથી શોકમાં. વિલાસિનું આવવું ને ગમ્મત.

પ્રવેશ ત્રીજો—વસંત રૂતુ હોવાથી બપૈયાનું પ્યુ પ્યુ બોલવું. અલકની (કામતુર છતાં) દઢતા અભયસિંહ તથા રાણીની શંકા.

પ્રવેશ ચોથો—અભયસિંહની રાણીનું અલકને બોલાવી હકીકત જાણી લેવું. અને તે અભયસિંહને કહેવું. અલક-કુસુમ ને સાસરવાસો કરી વિદાય કરવાં.

ભાગોળમાં ગુણકાનું અલક-કુસુમ પાસે

પ્રવેશ છઠ્ઠો—અલકને કુસુમ માફક જુઠું સમજાવી સર્વેનું નિદ્રાવશ થવું. અલકનું ગણુકાને મારી તથા દાસીના હાથ પગનાં કાંડાને જીભ કાપી વિદાય થઇ જવું.

પ્રવેશ સાતમો—અલકનો જંગલમાં જોગી વેશે વિલાપ, નાગદેવતાને દાવાનળથી બચાવવા. નાગદેવતાનું પંચગણી રત્ન આપી અંતર્ધ્યાન થવું.

પ્રવેશ આઠમો—વિર્યપુરમાં અલકનું આવવું. વિર્યસિંહની પુત્રીનો અંધાપો ચંદ્રસિંહની પુત્રીનો ક્ષય તથા લક્ષ બુદ્ધિની પુત્રીનો ભગંદરનો રોગ મટાડી ત્રણુને પરણે છે. ખરી હકીકત કહી અલક વિદાય થાય છે.

પ્રવેશ નવમો—યશવંતસિહ, તથા સુવદના પુત્રી જવાથી શોકમાં. પ્રધાનનો દિલાસો, ને શોધ કરવાને કહેવું.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો—કુસુમનું વિજયપુરમાં આવવું ને ગણુકાથી ભેળવાવું. અલકનું પાછળથી આવવું. ગણુકાને અલકની લડવાડ, કુસુમનો અલક તરફ તિરસ્કાર. અલકને પોલીસ સ્વાધીન કરવી.

પ્રવેશ બીજો—વિજયસિંહની કચેરી અલકને ફાંસી... દાંડી પીટાવવી, તે ...

પ્રવેશ ત્રીજો—વિલાસિનાં છોકરાંની ભૂખાળવી સ્થિતિ—પ્રધાનનુ આવવું. મદદ આપી વિલાસિને અલક તથા કુસુમની શોધમાં મોકલવો.

પ્રવેશ ચોથો—રાજા વિજયસિંહ, રાણી, પ્રધાન સુમતિ વિગેરેનો અલક સાથે આનંદ ને અલકની હકીકત સાંભળવી. કુસુમચંદ્ર તથા ગુણકાને તપાસ માટે કોર્ટમાં બોલાવવાં.

પ્રવેશ પાંચમો—વિજયસિંહની કોર્ટ, તપાસ—ગુણકાનો માલ મિલ્કત જપ્ત કરીને દેશ નિકાલની સજા. ગુણકાનું જોગણ થવું. કુસુમનો પશ્ચાતાપ. રાજાનું, પોતાની તથા પ્રધાનની પુત્રીનું કન્યાદાન દેવું. વિલાસિનું આવવું. ગમ્મત.

પ્રવેશ છઠ્ઠો—વિનયશિલા, તથા સુશીલાની સાહેલી સાથે ગમ્મત. વિલાસિનું આવવું. ને ગમ્મત.

પ્રવેશ સાતમો—અલક—કુસુમની વિનયશીલા, તથા સુશીલા સાથે વિદાયગીરી.

પ્રવેશ આઠમો—સર્વનું વિર્યપુર આવવું. વિરસિંહનું ખરી હકીકત જાણવું, પોતાની પુત્રી ભત્રીજી તથા પ્રધાનપુત્રીને સાસરવાસો કરી વળાવવું. ગુરૂજીનું મળવું.

પ્રવેશ નવમો—સર્વનું કીર્તિપુરમાં આવવું. યશવંતસિંહ વિગેરે સર્વનો આનંદ. બધી કન્યાનું યશવંતસિંહ તથા સુલક્ષના હસ્તે કન્યાદાન—ને રાજ્યાભિષેક.

સમાપ્ત.

શ્રી અલક-કુસુમ નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષવર્ગ.

યશવંતસિંહ... ... ... કીર્તિપુરનો રાજા.
સુપ્રતિક ... ... તેનો પ્રધાન.
કુસુમચંદ્ર ... ... તેનો પુત્ર-નાયક.
વિલાસિ ... ... રાજાનો રમુજી સેવક, કુસુમનો મિત્ર.
જુઠાલાલ ... ... તેનો પુત્ર.
શુકદેવજી ... ... અલક-કુસુમના ગુરૂ.
અભયસિંહ ... ... રત્નપુરનો રાજા.
વિર્યસિંહ ... ... વિર્યપુરનો રાજા.
ચંદ્રસિંહ ... ... તેનો ભાઈ.
લક્ષબુદ્ધિ ... ... વિર્યસિંહનો પ્રધાન.
વિજયસિંહ ... ... વિજયપુરનો રાજા.
સુમતિરાય ... ... તેનો પ્રધાન.

ચોપદાર, નાગદેવતા, છડીદાર વિગેરે.

સ્ત્રીવર્ગ.

સુવદના ... ... યશવંતસિંહની રાણી.
અલકકુમારી... ... ... તેની પુત્રી.
વિજયા-વિકુંડળા ... ...

વિનયશીલા	વિર્યસિંહની પુત્રી.	કુસુમચંદ્રની રાણીઓ.
ચંદ્રાનનાં	ચન્દ્રસિંહની પુત્રી.	
ઊર્મિલા	લક્ષબુદ્ધિની પુત્રી.	
વિશુદ્ધશિલા	વિજયસિંહની પુત્રી.	
સુશીલા	સુમતિરાયની પુત્રી.	

અન્ય રાણીઓ—ગણિકા—દાસીઓ વિગેરે.



श्री गणेशाय शारदायै गुर्वेच नमः

श्री नूतन.

અલક-કુસુમ નાટકનાં

ગાયનો.



મંગળાચરણ.

સૂત્રધાર—

સ્મરામિ શંકર, સુખકર, દુઃખહર, ત્રિભુવર જયકર-
શિવ યોગી, ભોલટી ભોગી (૨)
ભાંગ પીતો સદા નિરોગી,
તવ સમરન કરૂં પલપલ નામ જપું. સ્મરામિ.
ચંદ્રશેખર પાળનારા, ભસ્મ કંજન અર્પનારા,
ભસ્મ ધારિ વિખ્ખ પીને, વિશ્વ દુઃખ હરનારરે.
તમો ગુણી જગ સંહારક, ભક્ત ભીડ હરનારરે,
શુભ કામમાં સમરૂં તુને નિર્વિઘ્ન પાર ઉતારરે. સ્મરામિ.

નટી—

કરશે તેવું પામશે સહુ, ઇશ્વરી નિયમ ખરો,
સો [illegible] એ નિયમ ખરો, જાણે પીતી [illegible]
[illegible]

વાવેલું લણુશો ખરે, અન્ય મળે નવ કાંય
બાવળ વૃક્ષ ઉછેરીને, આમ્ર આશ રખાય, કરશે.
જ્યાં જોશો ત્યાં છે ખરે, કરણી પાર ઉતરણી,
સંત સાધુને જ્ઞાનીઓ, ખરૂં ગયા છે વરણી.
માટે સંસારમાં શુભ કર્મથી તરી પાર ઉતરોરે,
અહીને સત્ય ગ્રુંડો હાથમાં, મેદાન પડોરે.
સદા પરમાર્થ કાર્યે નીતિરીતિથી આયુષ્ય અર્પો રે.
પ્રમાણિકતા ઢાલ, ધૃતિ તરવાર, અહી જયઘોષ ગજાવોરે કરશે.

(૧)

યશવંતસિંહ—

વિદ્યા વાડીની વૃદ્ધિ અર્થે આદરવો શુભ યત્ન,
દઇ તન મંન અર્પી ધનરે.
દેહ દિપાવે, કુલ શોભાવે, વિદ્યા છે ગૂઢધંન છે ગૂઢધંનરે. વિદ્યા.
રૂપ અધિકું, ધન પોતિકું, ગુપ્ત રહેલું, આ..........આ.
ભોગ-કરી, સુખકારી, વિદ્યા.
યશ દેનારી બાન્ધવ રૂપી, વિદેશે સુખદાયી છે સુખદાયી છે, વિદ્યા.
વિદ્યા વિનાનો પશુ જાણવો ભલે હોયે ધનવાન,
ને રૂપવાન ને કુળવાન રે. વિદ્યા.

૨

વિલાસિ—

આવો આવોને આમ, તમે બાલકો તમામ,
નહિ કોઇ તમે, ભણવાનું નામ.
ગમે થાય રાજા,

૨૦૯૨

આમ ભણુ ભણુ કરશો તો કોઇ રહેશો નહિ સાજા.
સહુ મરવાના, નહિ ડરવાના,
ભણી ભણીને શું કરવાના.
ચપ્પણુ લઇને ઘરઘર ફરશો,
તોય તમારૂં પેટ ન ભરશો. આવો આવો.

૩

શુકદેવજી—

કેતકી પર્ણાકારે, નારિજાતિ નામ ત્રિઅક્ષરનું,
આદિ **क** અંતે **र**, શૂરાને શોભે કહો હશે એશું ?
ચંદ્રસમો આકારે, પુરૂપજાતિ છે નામ ત્રિઅક્ષરનું,
આદિ **पा** અંતે **ड**, ભોજન સામગ્રી કહો હશે એશું ?
ચતુરા ચંચળ ચાલે, થાકીગઇ તે ચાલતાં કો દિશ,
વિદ્વજ્જનકર શોભે, ચાલે પાછી છેદે જન શિશ.

શુકદેવજી—

૪

શ્વેત વસ્ત્ર સમાકારે, વિદ્વજ્જનની સંગે રહેતો તે--
આદિ **का** અંતે **ल**, પુરૂપ જાતિ છે કહો હશે શું એ ?
વર્તુલ સમ આકારે, નારિજાતિ ત્રણ અક્ષર નામ:
આદિ **का** અંતે **णि**, સોભાગી કર શોભે, નહિ વિધવા કામ.
રાજા એક વિલાસિ, રાખ્યાં હય ગજ ઊંટ ધરિ ખાંત;
હાથી અઢીમણ ખાયે, ઊંટ દોઢમણ અશ્વ શેર પાંચ.
સો સઘળાં મળી થાયે, પશુ, અન્ન પાશ [illegible]
તો કેટલા હય તે, [illegible]

૫

અલક-શુકદેવજી—

અરે શુકદેવજી ગુરૂ કોઢિલારે, મારે કર્મે ફુટેલા,
અજ્ઞાની ગુરૂ વિદ્યામાં મેલાજી— અરે.
છાની રે' બેશ બેશ આંધિ આ કન્યા ગુરૂ કદી નો'ય ઘેલા. ગુરૂજી.

ગુરૂ વિચારિ બોલજો, કોણ અન્ધ કુમાર?
ગુરૂ ભલે છો માળરા, કોણ અન્ધ કહેનાર? અરે. છાની.
જન્મ તણી તું અન્ધ છે, રોષે કહ્યું જરાય;
(પણ) વણ કોઢિલાને કદી, કોઢિલો કહેવાય. અરે. છાની-
વાંક ક્ષમા કરો માળરો, ખોટો સઘળો ફંદ;
જેવા કોઢિલા તમે, તેવી હું છું અન્ધ.
એ તો ભુલેથી કહેલું કરેલું રે સઘળું પોગળ થયું છે પ્રકાશ—

૬

અલક-વિ. વિ—

હે......મુને પડે ન ચેન, વ્હાલી એ બેન.
પ્રીતમ વિના ઘડી એ સખા. હે......મુને.
વ્હાલે મારી નેન બાણુ, શુદ્ધ બુદ્ધ સાન,
લીધી લોભાવી કટાક્ષથી. હે......મુને.
ચાતક મેહ વિણુ જેમ, મનડું છે તેમ,
વિરહે વ્યાકુળ સખી માળરૂં. હે......મુને.
...ાન. ગોપિ ને કાન,
હે......મુને.

પતંગ સ્નેહુ બળી મરે, (પણ) નવ દિપકને નેહ,
ચકોરિ ચંદ્ર વિયોગથી, ઝુરી પાડે દેહ.
(તેમ) ધરી અહર્નિશ ધ્યાન, પ્રીતમનું ગાન,
કરી મરીશ પ્રેમ તાનમાં, હે......મુને.
ધીરજનાં ફળ મીઠડાં, ધર તું હૈયે હામ,
સૌ રૂડું કરશે હરિ, સાચો બેલી શ્યામ.
(માટે) જપો એક હરિનામ, મૂકી તમામ,
મેળવવા પ્રિય પ્રાણને. હે... ..મુને.

૭ (ગરબો.)

અલક-સખીઓ—

નભમાં ખીલ્યો રૂડા ચાંદલોરે સૃષ્ટિ શૃંગાર હાર
હારરે, ચાલો સાહેલી ઉપવનમાં.
ખીલી કુમુદિની કાસારમાંરે હર્ષઘેલી જો થાય
થાયરે, મેળવીને નિજ પ્રાણને નભમાં.
ચંદ્ર રહ્યો નભમાં જઇ, ચકોરિ હેઠળ ત્યાંય,
પ્રીતમાળ જપતી સદા, વિરહે વ્યાકુળ કાય;
પિયુષ રશ્મિ રૂડું સીંચી સલેણો,
નિજ વ્હાલીને સુખ દેતો જીરે;
પદ્મા કરમાવી, કુમુદ ખીલાવી,
સુખ મૌજે બહુ માણતો જીરે
સર્વતણું રશ્મિ [illegible]

અનુપકાર થકી વાળતો જીરે;
વિરહી બાળાને વિરહ દુઃખેથી,
માઝમરાત તલસાવતોજીરે. ઉપકાર.

પ્રાણ ટકાવી નવ શકે, વારિ વિણ જેમ મીન,
તેમ અબળા નવ રહી શકું, પીયુ વિના એક દિન.

ચાંદલીઆરે આ દુખડાં અમારાં,
પ્રીતમ પાસે જઇ કહેજે જીરે:
પ્રીત વારિનાં મીન અમે સૌ,
પ્રીત વારિ વિણ જીવ જાયે જીરે. ચાંદલીઆરે.

૮

વિલાસિ—

બન્યા આ બંદા સેલાણીરે, વાત જગમાં પંકાણી,
જગમાં જીવીને મોજ ન માણી, જીવિત તેનું ધુળધાણીરે,
વાત.—બન્યા.

જીવ્યાથી જોયું ભલું, કહે સકળ સંસાર,
માટે મોજો માણવી, (ભલે) પ્રાણ થાય ખુવાર.

વૃથા જીવીને જગમાં શું કરવું,
આજ કે કાલ જ નક્કી છે મરવું;
આયુષ્યનો નથી જરા ભરોંસો,
... ... જાગો (વૃથા) જન્મારો ખોશો.
... કમાણીરે. વાત ...

માટે જરની ન કરો દરકાર, કરે તે ગમાર, બાળે અવતાર
જાણે વૃથા તેની જીંદગાનીરે. વાત—અન્યા.

૯

વિલાસી ને તેની સ્ત્રી—

જા જા નફ્ટ રંડા તું દૂર દૂર રે,
તેં તો ઘટાડયું મારૂં નૂર નુરરે.
ઉઠયા પહેલાં રાંડ ઉઠતી સદાયે, સુતા પછી સુવા
જતી સદાયે.
ન્હાતી વખત મસળી મસળી નવરાવે, સુતી વખત
પગ ચાંપવા આવે.
હડધુત ... ... હટ દુર... ... જા જા.
આપણે તો જોઇએ એવી નાર, કરે જે કજીયો વારંવાર,
ઉઠે મધ્યાન્હે ને સુવે સંધ્યાએ, લઢે વઢે ને પજવે સદાએ.
નામ તેનું મારૂં ઘર ઘર ગવાયે, વાતો જયારે જગમાંહિજ થાયે.
બંદેકી બાયડી કજીઆખોર, વળી અઘોર, મોટી છે ચોર,
હજી ખાયે ન તોર, લુચ્ચી હરામખોર, જા જા.
નાથ આમશું કદી તમથી, વદાયે,
પતિવ્રતા ગુણુ મોટો લેખાયે.
પતિ પ્રભુતુલ્ય માનવો, ગણુવો મોટો દેવ; [illegible]
પતિસેવાથી તો મળે, સ્વર્ગદ્વાર [illegible]
આરે આગળ્યો શાસ્ત્ર [illegible]

૧૦

શુકદેવજી—

રહો અચળ સુખી દંપતિ સદાયે સાથમાંરે;
મન રહો તમારૂં સદા એક જગનાથમાંરે. રહો॰

ડાહ્યાને વધતું શું કહેવું. તો'ય આશિશ દઇ મન હરખાઉં
યશ કરી સુકૃતો દુનિયા માંહિ ગજાવજોરે. રહો॰

બેઉને દિર્ઘાયુ પ્રભુ અર્પો. જગનાથ કૃપા તમ પર ધરજો;
સુખ સંપતિથી જગરાય દયાળ વધારજોરે. રહો॰

દશ દિશમાંહિ દિગ્વિજય રૂડો, જનહિતને કાજ તમારો થજો;
નિશદિન પ્રેમ પરસ્પર બેઉ વધારજોરે. રહો॰

પરિવાર તમારો નિત વધજો, કીર્તિ પૃથ્વીપર અમર થજો;
વિનવું પ્રભુ અરજી ચિત ધરજો આ દાસનીરે. રહો॰

૧૧

જુઠાલાલ—મિત્રો—

ચબાવલા તમે ચળી ગયાશું,ધરતા મનમાં બહુઅભિમાન
જેની તેની મશ્કરી કરતા, ધરતા નહિ જરાપણ સાન;
સહુની મશ્કરી કરી જશો પણ,બંદાની મશ્કરી નહિ થાય,
બંદાની મશ્કરી કરજોજો, ખોવી હોયે સૌને કાય;
[illegible] સમશેર. કરૂં શિરચ્છેદ, રાખો પછી ભેદ,
[illegible] બતાવું લઇ સમશેર.
[illegible] કમાણાર. [illegible]

૧૨

અલક —

મારા મન થયાં વરી, તનકું અર્પિ કરી,
સત્ય કહું મુજ માતજી;
જાણો વૃથા બીજું સહુ, પાણિ કોનો ન ગ્રહું,
બીજા મારે ભ્રાત તાતજી. મારા૦

ગુલાબનું ફુલ સહુ ચહે, કાંટા ભલે જો છે મહિં;
ગુલામ સમપીયુ કામનો, કિંશુક સમાન બીજા નહિ,
ખોટો ખરો ગુણી દુર્ગુણી વરવો રૂપાળો હોયતે;
મનકું જેનાથી હર્યું તે છેજ જીવન માહરો,
રૂપવાનને વળી સદ્‌ગુણી, કુળવાન ધનિકો છો રહ્યા;
ઇશ તુલ્ય એ માહરે, બીજા નકામા મેં લહ્યા,
માટે બીજું વૃથા છે, કહ્યું તે યથા છે;
સત્ય કહું મુજ માતજી. મારા મન૦

૧૩

સુવદના —

ગાંડું ઘેલું શું લવલવ કરતી, મનમાં આવે તેમ બકબક કરતી;
ખરા ખોટાનું ભાન ન ધરતી, નાની થઇ વડીલથી શું વદતી
બોલો રાખીને ભાન, મોટાંનું માન, તજી સ્વચ્છંદ શીખ કાને ધરો [illegible]
રાખો કંઇ સાન, તજો અભિ [illegible]
[illegible] સુખડાં બહુ દઇને

૧૪

અલક —

સાથે લ્યો આદસીને છે, આવવાને પ્યાસી;
ગણીને બીજીકો કંથ, રાખો શું જુદાઈ, સાથે૦
  શું પરહરવા પ્યારીને, બતાવી જુઠી પ્રીત ?
  પ્રીતિપાન કરાવીને, તરછોડો એ રીત ?
પ્યારી પરહરવી, નાથજી આ શું લાગે છે સારી;
નવ તજો આદાસીને વ્હાલા, પાઈ પ્રેમ વારિ. સ.૦૨

૧૫

અલક —

મારા કુસુમ સુલક્ષણા પ્રાણ, સાથે લ્યો આ દાસીને;
તમને અનુસરવા આ દાસ ખરે બહુ પ્યારી છે,
બેલી મારૂં રહ્યુ બીજું કોણ, તમોવિણ વલ્લભા;
(તમો ગયે) પ્રાણ જુદા થશે પળમાંય, કાયાથકી વલ્લભા,
વારિવિણ વિખૂટું મીન, દીન ઘડી નવ રહે.
ચકોરિ કદી ચંદ્રવિયોગ, ક્ષણ પણ નવ સહે,
ચાતકતણી તૃષા નવ જાય, કોટી એક કાસારથી;
ચૂઓ મેઘ જળ તૃપ્ત થાય, તૃષાને આહારથી—
[illegible] સ્થિતિ નાથ, તમો ગયે વ્હાલમા,
[illegible] આ [illegible]

વ્હાલા દુઃખમાં સુખ દેનાર, નારી કયમ વિસારીએ,
શાસ્ત્રજ્ઞ છો, શાસ્ત્ર વચન, ઉરમાંહિ ધારિએ.

૧૬.

અલક—કુસુમ—

રહેવા નહિ મળે મ્હેલ વિશાળ, અહિં જયમ પ્રિયતમા,
પર્ણકુટીને કોટર માંહ્ય, રહેવું પડશે વનમાં.
સૂવું પડશે જંગલઘાસ, પાસ નહિ દાસકો;
ફળ ફુલ તણોય અહાર, થાશે દુર્લભ ત્યાંય તો;
નાથ આશા રાખું ન સુખ માટ, મનમાંહિ કંઇ જરી
દીધું વચન શું પ્રીતમ આપ હવે ગયા વિસરી,
બાળી ભોળી આ અબળા અનાથ, સાથે લ્યોને નાથજી;
મ્હારિ જીવન દોરિ વ્હાલા નાથ, રહિ તમ હાથજી.

૧૭

સુવદના—

વિદેશે પધારો હો વ્હાલાં મારાં બાળુડાં. વિદેશે૦
દયા નવ આવી હો, પિતા તમારા ને જરી.
વગર વિચાર્યું હો, સાહસ દીધું કરી. વિદેશે૦
દુઃખ સુખ સ્હેજો હો, રે'જો બેઉ સાથમાં;
દુઃખ સહુ વામવા હો, રાખજો ચિત્ત નાથમાં. વિદેશે૦
દશ દિશામાંહિ હો, કીર્તિ યશ વ્યાપજો
થજો વિજય તમારો ... દઇને

સખીઓ— ૧૮

સખી તું પરહરીને જાયે, સૌને સૂનાં મૂકી;
પતિસંગે ઉલ્લાસમાં રે. સખી૦
ભૂલી નવ જાશો (૨), અમ સૌ સખીને;
પડી તમે જવ વિલાસમાં રે. સખી૦
(કુસુમને) બાળી ભોળી સખી અમારી, જોજો મૂકતા કદી વિસારી.
સુખમાં દુઃખમાં સાથે એને રાખજો રે,
વિહગણી પાંખ વિનાની દયા ધરીને પાળજો રે.
સખી અમે સૌ ઇચ્છીએ, સફળ તમારો પ્રવાસ
વિધ વિધ સુખ જોડું પામજો, પૂર્ણ કરો ઇશ આશ. સખી૦

—અંક પહેલો સમાપ્ત—



અંક બીજો.

૧૯

અલક-કુસુમ—

નિર્દય થઈ શું જગરાય અતીશે, બળતાંને શું બાળ;
પડતાને પાટુ માર્યાં કરતા, આણ જલ્દીથી કાળ
દયાહિણ ઇશ્વરા.
વિનતી શ્રવણ ધર આજ, આ દીન દાસની
આ સંસારે, દુઃખ વિસ્તારે, મૂક્યું સઘળે તેં ઇશ
સુખ કિનારે જાવા ન દેતા, કપટીઓ જગદિશ.
પામર પ્રાણીને. વિનતિ૦
સુખ આશા લંબાવી કંઇ કંઇ, રહેતા પામર દુઃખ;
આશા ભંગજ કરી તેમને, બતાવતા નવ સુખ
નિર્દય થઇ નાથજી વિનતી૦

૨૦

સુપ્રતિક-તેની સ્ત્રી—

પુત્ર તજી ગયા માત તાત રે, શોક સાગર તીરે મૂકી;
પુત્ર વિના પડયાં મંદિર સુનાં રે,
હંસ વિના જયમ સરતીર રે. શોક સાગર. પુત્ર૦
તમ વિના જગ સુનુ સુનુ લાગે રે:
રોતાં ખૂટયાં હવે, ચક્ષુ નીર રે. શોક૦ પુત્ર૦
તમ વિના સુખ, દુઃખ સમ લાગે રે:
દિન વર્ષ પેરે થાય રે.

નાના મોટા કર્યાં સુખની આશે રે;
તજી જાશો એવી નોતી આશરે. શોક૦ પુત્ર૦

દુઃખી ઘડી ગયે ને સુખ ઘડી વખતે રે.
ચાલ્યા ગયા ઘાયલ કરી માત તાતરે. શોક૦ પુત્ર૦

૨૧

વિલાસિ—

શાને તજી ગયા કુમાર, દઇને દુઃખ આ દાસને અપાર. શાને.
લાડુ ખવાડતા, પકવાન જમાડતા, સુખમાં રાખતા દાસ;
તમો ગયે હવે સુનો ફરૂંછું, મૂકી જીવ્યાની મેં આશ. શાને.

રાતને દહાડો મૂકી બીજું સહુ, કુમાર જપું તમ નામ;
તમો ગયે જગ ખાલીજ લાગે, ગયો મારે સૌ દમામ. શાને.

ગોળ ખાઇ ખરૂં કે સાકર ઘોળીને પીઉં, જીવ્યાની નહિ અભિલાષ
તમો ગયે હવે થયો કોટીનો, દીન તમારો આ દાસ. શાને.

૨૨

અમલક—

શાને બપૈયા પ્યુ પ્યુ ઉચ્ચારે,
દુઃખિયા તણું દુઃખ કહું શું વધારે;
નવ ધારતો તોડીશ હું પ્રતિજ્ઞા,
વિણ મેળવ્યે સ્વામિની અનુજ્ઞા.
બપૈયા ધિઃક તને, શું ધરતો ઇર્ષ્યા ?
" હોત તો, શાને આવત [illegible]

૨૩

અભય-રાણી—

અર્પો અચળ સુખ જગરાય, સ્હાય સુખ દુઃખમાં થાઓ તે,
ગજાવો વિજય દશે દિશ માંહ્ય, સ્હાયશ્રી ઈશની પામજો. અર્પો.
પામો રૂડી ખ્યાતિ દેશ વિદેશ, કૃપા જગદીશની પામીને. અર્પો.
પામજો પૂર્ણ કૃપા જગદીશ, વામજો દુઃખ સૌ દંપતિ. અર્પો.
વાધજો સુયશ પુત્ર પરિવાર, અમર જગ કીર્તિ થાપજો. અર્પો.

૨૪

ગણિકા.—

યૌવન લ્હાવો લ્યોને રાય, જોબન વ્રથા વીત્યું જાય,
અર્પું પ્રીતમ આ યૌવન બાગ મળ્યે વ્હાલા દિલહર પ્રાણ સુહાગ;
દિવ્ય અનુપમ કાન્તિ, ભ્રાન્તિ પમાડે મંનને (૨)
વ્યાકુળ કરી મમ કાય, વ્હાલા મારા. વ્યાકુળ. યૌવન.
ચંદ્રભાનુ આપે, ત્યમ તમે બે સંગ. (૨)
મૂકાવો મદનનું પણ માન, વ્હાલા મારા મૂકાવો. યૌવન.
પ્રીતમ મંદિર આવો, પાવન કરો આ દાસીને. (૨)
ફેડો વિરહ દુઃખ નાથ. વ્હાલા મારા ફેડો. યૌવન.

૨૫

ગણિકા—

તરસ્યાં તલસો ના તલસાવો ના આ દાસીને રે પ્રીતમજી
પ્યારીને રે ...

વ્હાલા યૌવન લ્હાવ લઈને,
આલિંગન સુખડાં બહુ દઈને

૨૫

મદનાગ્નિ તનમાં પ્રગટેલો શાન્ત કરો હે નાથજી રે, પ્રાણ
તમ હાથજી રે. જાઓ.

શાને વ્હાલી મન શરમાવો,
પ્રીતમ પાસે આવો આવો.

વિરહ જ્વાળથી નવ બાળો મમ કાયજી રે, (જેથી) આનંદ
ઉર થાયજી રે. જાઓ.

૨૬

અસક—

આવો સ્વામી સલુણા, આવો પ્રીતમ શાણા, શાને રૂભાણા આવો.
આજ્ઞા વિસારે સ્વામી, દુઃખ વધારે પામી, ક્ષમા કરો હવે
નાથજી. આવો.

સ્વામી આજ્ઞા લોપીને, ગઇ ગુણકાને ત્યાંય,
કપટ જાળમાં હું પડી, મારાં કૃત્ય નડયાંય.

રંક દાસી પર દયા ધરો, હાથ ગ્રહી નાથ ના પરહરો.
વાંક સ્વામીનાથ ક્ષમા કરો, વિનતી આ દાસીની ઉરે
ધરો. આવો.

૨૭

અસક—

હવે હદ થઇ જગરાયાજી,
દુઃખે કુલીને અર્યું કાયાજી,
અપક્ષળી માયાજી,
...ી છાયાજી.

તજાવીયાં ઘર બાર મ્હેં, વ્હાલાં માત ને તાત,
મહેલ મહેલને સુખડાં, વ્હાલી સખીનો સાથ. હવે
જંગલ જંગલ બહુ ભટકી, ભટકી અટકી, (૨)
થાકી ગઈ તોય સુખ ન દીઠું, (તવ) હવે બેડી અટકી. (૨) હવે

૨૮

વિર્ય-ચંદ્ર-લક્ષબુદ્ધિ—

ધન્યભાગ્ય અમારાં મળીઆં, અમ દુખડાં સઘળાં ટળીઆં,
તમ દર્શનથી દુઃખ ટળીઆં, સ્વર્ગ તુલ્ય સુખો બહુ મળીઆં.
ઉપકાર કર્યો બહુ મોટો, જેનો ત્રિભુવનમાં તોટો,
બદલો આ સ્વીકારો છોટો રે. ધન્ય.

અમ અંધ તણાં લોચન, અમ ધનહિણાનું ધન;
તમથી પામ્યાં શુભ દન રે. ધન્ય.

ધન્ય ઘડી આજનો દન; પ્રફુલ્લિત હર્ષથી મન,
સ્થળ સ્થળ વ્યાપ્યો આનંદ રે. ધન્ય.

૨૯

અલક—

મમશિરોમણી ચતુર સુજાણ રે, શાને ઠાલી શરમાવો,
મિથ્યા વદો અણઘટતી આ વાણ રે, શાને ઠાલી શરમાવો.
ઇશ કૃપાથી શુભ થયું સહુ, મમથી થયું નવ કાંય.
મનુષ્ય પ્રયત્નને ઇશ કૃપાથી (૨), પૂર્ણ થાયે સહ ...
કૃપાબ્ધિ" ની કૃપા બિંદુ જો, હોયે ...

૩૦

યશવંત–સુવદના—

પુત્રી નમેરી થઇ, અમને તજી કયાં ગઇ, દઇ દુઃખદંન. પુત્રી૦
દુઃખ દાવાનળે, મુકી સુખ પળે, ચાલ્લી ગઇ મારી તંન. પુત્રી૦
સુખ આશાએ દુઃખ બહુ વેઠયાં, (તોય) સુખ વેળા ન દીઠી. (૨).
રે પ્રાણજીવંન પુત્રી.
હંસા સરતીર વાશી, નાશી કયાં તું ગઇ (૨) રે મારા તંન. પુત્રી.
ઇશ કૃપાથી રત્ન મળેલું, રાખ્યું કરીને જતંન (૨) રે નિધન ધંન. પુત્રી.
રંક હાથ રત્ન નવ રહ્યું, ગયું દૈ દુઃખ દંન (૨) રે નિર્ધંન ધંન. પુત્રી.

૩૧

સુપ્રતિક—

ધાર્યું ધરણીધરનું થાય, સ્હાયક તે ધણી રે;
મનુષ્યની ઇચ્છા સફળ ન થાય, સ્હાયવિણુ તે તણુા રે.
વિધિએ નિર્મેલું તે થાય, સ્હાયક તે ધણી રે;
(તો) વૃથા કષ્ટો શાને કાય, સ્હાય વિણુ તે તણી રે.
સુખ આશે દુઃખ સ્હેવાય, સ્હયક તે ધણી રે;
વૃથા શોક કરે શું થાય, સ્હાય વિણુ તે તણી રે;
ભાવિ પ્રબળ જગે કહેવાય, સ્હાયક તે ધણી રે.
(પાસ) નવ ચાલે કોઇ ઉપાય, સ્હાયથીવ તે તણી રે;
જપો એક ઇશતણું, શુભ નામ સ્હારેયક તે ધણી.
... સ્તરસ્જાણુ, સ્હાયથી તે તણી રે.
...

અંક ત્રીજો.

અંબિકા— ૩૨

ચાલો મનહર પ્યારા, ચખના તારા, હ્રદયતણા હે હાર;
ચાલો, સુશીલશાણા, મનલોભાણાં, તમ લટકે ભરથાર. ચાલો૦
કમળ સરીખું વદન ગુલાબી, નયન તારક્ષાજોડ;
મંદિરિએ આવીને વાલમજી, પૂર્ણ કરો મમકોડ. ચાલો૦
વિજ્ઞત્મિથી કયાં સુધી વ્હાલા, દહવી છે મમકાય;
મદન જવાળ તનમાં પ્રગટેલી, તમ આવે શાન્ત થાય. ચાલો૦
વિધ વિધ સુખડાં નિતનિત દઉં વ્હો, મમ મંદિરે ખાસ;
ધીમી ધીમી ચાલે, મીઠી મીઠીવાણે પધારો મમ આવાસ ચાલો૦

૩૩

અલક—

હે મોરે મોહનકી માટ મેં તો જોગન હુઇ,
પ્યારે પ્રીતમકી પીછે, અબ જોગન હુઇ;
માત તાત સબ છોડકે પીછુ આઇ,
પીયુ પીછે મેં જંગલ તો બ્હોત ભમી. હે. મોરે૦
ઘર છોડકે મેં તો જંગલ મે આઇ જબ,
જંગલ મેં પ્રગટ હુઇ લાય જીસે બોલ દમી. હે. હે. મોરે૦

૩૪

અલક—

સુ વેશ્યા રીત પ્રીતની ૦

લટકે ચટકે ચિત લોભાવી, મારી નયનનો માર;
હાવભાવથી હૈડું હરતી, કરતી કંઇને પાયમાલ. જાણો૦
ખીસ્સામાં જ્યાં લગી પુરતી, ત્યાં લગીજ રાખે પ્રીતિ;
વિત્ત ખુટ્યે ઝટ પરહરે, દયા નવ જરાય દિલમાં ધરે. જાણો૦
શાણા સમજી દુર રહ્યા છે ભોળાજન પટકાય;
હામ, દામ, આબરૂ ગુમાવી, કોડીના થઇ જાય. જાણો૦

૩૫

આલેક-ગુણકા—

'જુઠી બતાવી પ્રીત, ઠગ્યું પ્રીતમનું ચિત્ત, હરિ લીધું સહુ વિત્ત;
રંડા જોઈ તારી રીત, સાધી લીધું પોતે હિત,
ભોળા દોલા મારા નાથ ફસાવી બતાવવા આવી જોર રે. જુઠી૦
જોયો જોયો તારો ડોળ, તારો હોય તેને ખોળ,
ઓછું વધતું ના બોલ નહિ તો ખોઇશ તોલ;
ક્યાંથી આવી છું અહિંઆં ભટકતી રૂપાળો દેખી
હક્ક કરતી રે જોયો. જુઠી૦

૩૬

આલાપ—

લેજો વ્હાલમજી આ છેલ્લા પ્રણામજ મ્હારા પ્રણામજ મ્હારા;
પરણીને પરહરી દારા, રડવડતી મૂકી પ્યારા. લેજો૦
(પાસ) .. આશા તજી આ દાસીની, રે'જો વાલમજી સુખમાં.
જપો એક [illegible] આપો પ્રભુજી, કાપજો તમ દુઃખડાં
[illegible] ચતરસુજાણ, [illegible] નવ [illegible]

માતાપિતાને જઇ કહેજો, નામ તપ જપની ખરી.
પછીથી પસ્તાઇ અને નવ વાંક; (તમારો) મનમાં આણુત.
દુઃખ સાગર તરી, સુખ કાંઠડે, પહોંચ્યા તણી આશા હતી;
આશા નિરાશા થઈ ગઇ, મધ્ય દરિયે દેખો ડુબતી.
થજો વ્હાલમજીતમે સુખીઆ તજી દીન દારા તજી દીન દારા લેજો;

૩૭

વિલાસિ–સ્રી–છોકરા—

વિસ હાથનો ઘરમાં વાંસ ફરે ત્યાં તો ભોજનની શી આશ મળે,
ભૂખે ના રે'વાય, દુઃખ ના સ્હેવાય, આ...આ...માડીઓ માડી.
ભૂખે જીવ જાય૦.

મરો મારા પીટયાં મને શે રંજાડો. વિસ૦
પરણ્યાંને પાળો જણ્યાં ને જીવાડો;
સાંભળી નવ શકું છોકરાંની રાડો. વીસ૦
મુઆં મરો ઠાલી મુને શે રંજાડો;
ના હોય તો શોધો કુવો હવાડો. વીસ૦

૩૮

ગણિકા—

સાચું કોઇ સગુ સંબંધી આજ જગમાં નથી રે,
સ્વાર્થનું સગુ વિના એક નાથ સહુ કહે છે કથી રે.
કહે સૌ કો કથીરે સ્વાર્થ વિણુ સગું નથી રે. સાચું૦
કંઈ કંઇ સ્વારથ સાધવાને સહુ આ...વે અહિં,
થયે સગુ નહિ કો થા...એ

ગાનું અ

૩૯

વિલાસિ—

ધન્ય ધન્ય ધન્ય થયો સફળતો પ્રયાસ,
કુમારીને કુમાર મળેથી, પૂર્ણ થઈ આશ;
ટાંટીયા રહિ ગયા આ, જંગલો ભમીભમી,
થાક હવે હું ઉતારીશ, પક્વાનો જમી જમી. ધ-ય.
અમન ચમન મોજ શોખથી રહું હવે,
ભાઇ મળ્યા દુઃખ ટળ્યાં, મળ્યાં સુખ સર્વે;
અક્કડ ફક્કડ થઇ ફરૂં, હવે દમામથી,
ભારિ ભૂપને ભડકાવું, બીક હવે નથી. ધન્ય.

૪૦

વિશુદ્ધની સખીઓ—

આજ અંગ છે ઉમંગ રોમ વ્યાપી રહ્યા, આજ.
વ્યોમભોમ જો તું સોમ. જોમથી પ્રકાશી રહ્યા.
દેખી કાન્તિ, પામી ભ્રાંતિ, શાંતિ ખોઈ સંતાઇ ગયો. આજ.
અધર રક્ત, કપોલ રક્ત, યુક્ત મુખને ઓપાવે,
ભ્રૂકુટી વક્ર, નેન ચક્ર, શક્રજીતને લોભાવે. આજ.
આ ગુલાબી વર્ણ સાડી, અંગ રંગને દિપાવે, [illegible]
[illegible] ભાન [illegible] ભૂલ્યાં [illegible] [illegible]
[illegible]

મીઓ-વિલાસિ— ૪૧

તમ ભ્રા...તે આવી લોભાવી શાણી સખી અમારી,
તમ ભ્રા...તે શુધબુધ વિસરાવી, નયન બાણુ બે મારી. તમ.
નેન નચાવી, મુખ મલકાવી, વસાવી હૃદયામાંહ્ય;
અનંગ અગ્નિ અતિશય આજે, પ્રગટાવ્યો તનમાંય. તમ.
દયાહિણુ થઈ ઘાયલ કીધી, ભોળી સખીની કાય,
વિરહ દુ:ખથી દહન કરી આ, પ્રગટાવી તન લ્હાય. તમ.
બહુ બો...લોના વાંક તમારો, સતાવો શે હાલી,
બહુ બો...લોના વાંક તમારો, થાઓ શે કાલી. બહુ.
રૂપ બતાડી, મોહ પમાડી, વશ કીધી ભ્રાતની કાય,
પ્રેમી પોપટ પુર્યો તમ સખીએ, હૃદય પિંજરામાંય.
ભોળા બિચારા ભ્રાત ફસાયા, સ્હેલથકી પળમાંય,
મારા સરખો મળ્યો હોય તો; બતાવે એનાં લાણુ. બહુ.

સર્વે— ૪૨

આજે આનંદ જે જે કાર થયો,
અંગે ઉમંગ રંગ રસ રેલી રહ્યો.
દુ:ખમાં કીધી પૂર્ણ કસોટી
પ્રભુ આખર સત્યનો તું બેલી
આત્માને સ્હાય થા